RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 145* Date: 23.03.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### એક જ અઠવાડિયામાં ભારતમાં ૬૭%નો મોટો ઉછાળો નોંધાયો

# દેશમાં કોરોનાએ રફ્તાર પકડીઃ ૨૪ કલાકમાં ૪૭,૦૦૦ નવા કેસ

### ૨૪ કલાકમાં ૨૧૨ દર્દીનાં મોત, કુલ મૃત્યુઆંક ૧,૫૯,૯૬૭એ પહોંચ્યો, પાછલા અઠવાડિયા દરમિયાન મહારાષ્ટ્રમાં ૧.૬૫ લાખ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોનાના દૈનિક કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં નોંધપાત્ર રીતે નવા કેસમાં વધારો જોવા મળ્યો છે. જેને જોતા કેન્દ્ર સરકારની ચિંતા વધી ગઈ છે. રાજ્યો પોતાના સ્તરે વિવિધ પ્રતિબંધો લગાવીને કોરોનાના પ્રકોપને ઘટાડવાની કોશિશ કરી રહ્યા છે. કોરોનાના વધતા કેસ જોતા કેટલાક શહેરોમાં હાલ પૂર્ણ લોકડાઉન પણ લાગુ છે. તો કેટલાક શહેરોમાં નાઈટ કરફ્યૂ તથા અન્ય પ્રતિબંધો પણ કડકાઈથી લાગુ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૬ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૬,૯૫૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૧,૧૬,૪૬,૦૮૧ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૧,૧૧,૫૧,૪૬૮ લોકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યા જ્યારે ૩,૩૪,૬૪૬ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં ૨૧૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧,૫૯,૯૬૭ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૪,૫૦,૬૫,૯૯૮ લોકોને રસી આપવામાં આવી છે. છત્તીસગઢમાં કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખતાં રાજ્ય સરકારે તમામ સ્કૂલો, કોલેજો અને આંગણવાડીને આગામી આદેશ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. રાજ્યના મંત્રી રવીન્દ્ર ચૌબેએ આ બાબતે પુષ્ટિ કરી હતી. આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે ઉત્તરાખંડના મુખ્ય સચિવને કુંભ મેળામાં પ્રોટોકોલનું સખત પાલન કરવા પત્ર લખ્યો છે. ઉચ્ચ સ્તરીય સેન્ટ્રલ ટીમના કુંભ પ્રવાસ બાદ વ્યક્ત થયેલી ચિંતા પછી તેમણે આ પત્ર લખ્યો છે.

કર્ણાટકમાં કોરોનાની બીજી લહેરની શરૂઆતઃ સ્વાસ્થ્ય મંત્રી

આ વચ્ચે કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું છે કે, કોરોના વાયરસની બીજી લહેરની શરૂઆત રાજ્યમાં થઈ ગઈ છે. જણાવી દઈએ કે, કર્ણાટકમાં પાછલા ૨૪ કલાકમાં ૧,૭૧૫ કેસ સામે આવ્યા અને બે લોકોના મોત પણ થઈ ગયા. અહીં કુલ ૯,૭૦,૨૦૨ કેસ છે. અત્યાર સુધી ૧૨,૪૩૪ લોકોના જીવ કોરોનાના કારણે જઈ ચૂક્યો છે. રાજ્યમાં ૧૩,૪૯૩ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં મોટી સંખ્યામાં નવા કેસ

જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં રવિવારે ૩૦,૫૩૫ નવા કોરોના કેસ મળ્યા, જ્યારે ૯૯ લોકોના મોત થઈ ગયા. રાજ્યમાં ૯,૬૯,૮૬૭ લોકો હોમ ક્વોરન્ટાઈન છે અને ૯,૬૦૧ કોરોના સેન્ટરમાં ભરતી છે. મહારાષ્ટ્રમાં કુલ ૨,૧૦,૧૨૦ એક્ટિવ કેસ છે. આજે ૧૧,૩૧૨ દર્દી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.



રાજ્યમાં રિક્વરી રેટ ૮૯.૩૨ ટકા છે. કુલ ૨૪,૭૯,૬૮૨ લોકો મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવ છે.

જ્યારે મુંબઈમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના ૩૭૭૫ નવા કેસ મળ્યા. જ્યારે ૧૦ લોકોના મોત થઈ ગયા. ૧૬૪૭ રિક્વરી પણ થયા. નાગપુરમાં ૩૬૧૪ નવા કેસ મળ્યા અને ૩૨ લોકોના મોત થઈ ગયા.

### ૧૧ દિવસમાં ૭ આતંકીનો ખાતમો

# જમ્મુ કાશ્મીરના શોપિયાં એન્કાઉન્ટરમાં ૪ આતંકી ઠાર,૧ જવાન ઈજાગ્રસ્ત

શ્રીનગર,તા.૨૨

જમ્મુ-કાશ્મીરના શોપિયામાં સેનાએ ગઈકાલે રાત્રે ૪ આતંકીઓને ઠાર માર્યા. આ સાથે છેલ્લા ૧૧ દિવસમાં સુરક્ષાદળોએ ૭ આતંકીને ઠાર માર્યા. તેમને પાસેથી શસ્ત્રોનો મોટો જથ્થો કબજે કર્યો. કાશ્મીર ઝોન પોલીસે સેનાને મળેલી સફળતા અંગેની માહિતી આપતા જણાવ્યુ કે શોપિયાં જિલ્લાના મુનિહાલ વિસ્તારમાં સેનાની સાથે અથડામણમાં ૪ આતંકી ઠાર મરાયા. જ્યારે એક્રાઉન્ટરમાં એક જવાન ઘાયલ થયો છે.

આ તમામ આતંકી લશ્કર એ મુસ્તફા સંગઠન સાથે સંકળાયેલા હતા. તેઓ શોપિયાંના જ રહેવાસી હતા અને તેમની ઓળખ આમિર શફી, રઈસ બટ્ટ, આકિબ મલિક અને અલ્તાફ અહેમદ વાની તરીકે થઇ છે.



જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા બળોને કેટલાક આતંકી છુપાની બાતમી મળી હતી. ત્યાર બાદ ઓપરેશન હાથ ધરાયું હતું. શોપિયાંના મનિહાલ વિસ્તારમાં રવિવારે રાતે આશરે ૨ વાગ્યાથી અથડામણ શરૂ હતી. જમ્મુ-કાશ્મીર પોલીસ, સેના અને સીઆરપીએફના સંયુક્ત અભિયાનમાં ૪ અજ્ઞાત આતંકવાદી માર્યા ગયા. સેનાનું આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ છે.

કેન્દ્ર શાસિત પ્રદેશના આઈજી વિજયકુમારે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં ચાલેલા એક્રાઉન્ટરમાં લશ્કર એ તોઈબાના તમામ ૪ આતંકી માર્યા ગયા. જો કે આ દરમિયાન એક જવાન ઘાયલ થયો છે. ઓપરેશન પુરુ થઇ ગયું છે અને સ્થિતિ અંકુશ હેઠળ છે.

### મહારાષ્ટ્રમાં ચાલી રહેલા ઘમાસાણ વચ્ચે શિવસેના સાંસદની સરકારને ચેતવણી

# મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસનનો વિચાર પણ ના કરતા નહીંતર..: રાઉત

**મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકારનો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે, રાષ્ટ્રપતિ શાસન લગાવાનું વિચાર્યું તો આ આગ તેમને પણ સળગાવી દેશે**

*મુંબઈ,તા.૨૨*

મહારાષ્ટ્રની સરકારમાં મચેલી હલચલ વચ્ચે સોમવારે શિવસેના સાંસદ સંજય રાઉતે પ્રેસ કૉન્ફરન્સ કરી. રાજ્યના ગૃહ મંત્રી અનિલ દેશમુખના રાજીનામા પર મચેલા ઘમાસાણને લઈને સંજય રાઉતે કહ્યુ કે જો સરકાર યોગ્ય તપાસ માટે તૈયાર છે તો પછી વારંવાર રાજીનામાની વાત કેમ કરી રહી છે.

સંજય રાઉતે આરોપ લગાવ્યો કે કેન્દ્રીય એજન્સીઓનો ખોટો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિ શાસન લગાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે પરંતુ જે આવુ પગલુ ઉઠાવી રહ્યા છે તેમના માટે યોગ્ય હશે નહીં. જો આવુ વિચાર્યુ તો હુ ચેતવણી આપુ છુ કે આ આગ તેમને પણ સળગાવી દેશે.

શિવસેના સાંસદ સંજય રાઉતે કહ્યુ કે જો એનસીપી પ્રમુખ શરદ પવારે એ નક્કી કર્યુ કે અનિલ દેશમુખની ઉપર જે આરોપ લગાવવામાં આવ્યા છે તેમાં તથ્ય નથી તો તેમની તપાસ થવી જોઈએ. સંજય રાઉતે કહ્યુ કે જો અમે બધાના રાજીનામા લેતા રહીશુ તો સરકાર ચલાવવી મુશ્કેલ થઈ જશે.

સંજય રાઉતે કહ્યુ કે જ્યાં સુધી ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી છે ત્યાં સુધી તમામ કેસની તપાસ યોગ્ય રીતે કરવામાં આવશે. શિવસેના નેતાએ સ્પષ્ટ કર્યુ કે મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નરના ખભા પર બંદુક રાખીને ગોળી ચલાવવામાં આવી રહી છે, વિરોધી પક્ષ લોકોને ગુમરાહ કરી શકે નહીં. શિવસેના સાંસદ સંજય રાઉતે કેન્દ્ર પર નિશાન સાધતા કહ્યુ કે કેન્દ્રીય એજન્સીઓને મહારાષ્ટ્રમાં મોકલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, અમે એનઆઈએને સહયોગ કરી રહ્યા છે. સુશાંત



કેસમાં જ્યારે સીબીઆઈએ એન્ટ્રી લીધી, ત્યારે પરમબીર જ કમિશ્નર હતા પરંતુ સીબીઆઈ કંઈ નવુ શોધી શકી નહીં.

સમગ્ર વિવાદ પર સંજય રાઉતે કહ્યુ કે ત્રણેય પાર્ટીઓમાં જે પણ નક્કી થયુ છે, અંતિમ નિર્ણય કેબિનેટના મંચ પર મુખ્યમંત્રી દ્વારા જ લેવામાં આવશે. સંજય રાઉતે કહ્યુ કે મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકારનો કોઈ વાળ પણ વાંકો કરી શકે નહીં અને સરકાર પોતાનો કાર્યકાળ પૂરો કરશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૬૪૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૮૮૬૪૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૧૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૭૬૪૪૮**

### વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કેચ ધ રેન અભિયાન શરૂ કરાવ્યું

# મનરેગાનો એક એક પૈસો પાણી બચાવવાના કામમાં આવેઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૨૨*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વિશ્વ જળ દિવસ પર જળશક્તિ અભિયાનની શરૂઆત કરી હતી. આ અભિયાનને 'કેચ ધ રેન' નામ આપવામાં આવ્યું હતું. PM મોદીએ વીડિયો-કોન્ફરન્સ દ્વારા એની શરૂઆત કરી હતી. મોદીએ સંબોધન કરતાં કહ્યું હતું કે મનરેગાના નાણાં અન્ય ક્યાંય ન જવા જોઈએ. તેનો એક એક પૈસો પાણી બચાવવાના કામમાં આવવો જોઈએ.

આ દરમિયાન તેમણે કહ્યું, 'પાણી જીવનની અર્થ વ્યવસ્થાનાં તમામ પાસાં માટે ખૂબ જ જરૂરી છે. આજે જ્યારે આપણે ઝડપી વિકાસની વાતો કરી રહ્યા છીએ ત્યારે આ અસરકારક વોટર મેનેજમેન્ટ વિના શક્ય નથી. ભારતના આત્મનિર્ભરતાનું વિઝન વોટર કેનેક્ટિવિટી પર આધારિત છે. આપણે દાયકાઓ પહેલાં જ આ દિશામાં ઘણુંબધું કરવાની જરૂર હતી.'

મોદીએ જણાવ્યુ હતું કે મને ખુશી છે કે જળ શક્તિ પ્રત્યે લોકોમાં જાગૃતતા વધી રહી છે. સમગ્ર દુનિયા આજે જળના મહત્વ પર પ્રકાશ પાડવા માટે ઈન્ટરનેશનલ વોટર ડે મનાવી રહી છે. અમે બે મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય માટે અહીં ભેગા થયા છીએ. દુનિયાની સામે ઉદાહરણ રજૂ થાઉં અને ભારતમાં પાણીની મુશ્કેલીઓ દૂર થાય, એટલા માટે કેન-બેતવા લિંક માટે મોટા પગલાં ભરવામાં આવ્યા છે.

અટલજીએ ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશની પાણીની મુશ્કેલીઓને દૂર કરવા માટે જે સપનું જોયું હતું, તેને પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. આજે જો કોરોના ન હોત અને અમે જો ઝાંસી બુંદેલખંડમાં આવીને અહીં ઉદ્ઘાટન કરત,તો તેમાં લાખો લોકો આવત. આ આટલું મહત્વપૂર્ણ કામ થઈ રહ્યું છે.મોદીએ કહ્યું હતું કે આપણે લોકોની ભાગીદારીથી પાણીને બચાવવાની પહેલ કરીશું, તો એ મુશ્કેલ નહીં લાગે, પરંતુ પાણી રૂપિયા કરતાં પણ વધુ કિંમતી લાગશે. આ કામ દાયકાઓ પહેલાં થવું જોઈતું હતું, પરંતુ ન થયું. ભારત જેમ-જેમ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે, સામે તેવી જ રીતે જળસંકટ પણ વધી રહ્યું છે. માટે આપણે આ વખતે પાણી બચાવવા આપણે કોઈ કસર છોડવી નથી.

આપની જવાબદારી છે કે આપણે આવનારી પેઢીને પાણી આપીને જવાનું છે. પાણીથી પવિત્રતા રાખીશું. આ વર્તમાન પેઢીની જવાબદારી છે કે આવનારી પેઢી માટે અત્યારથી જ જવાબદારી નિભાવી. આપણે ભવિષ્યની મુશ્કેલીઓનું અત્યારથી જ સમાધાન શોધવાનું છે. છેલ્લા ૬ વર્ષથી આ દિશામાં અનેક પગલાં ભરવામાં આવ્યા છે. પર ડ્રોપ, મોર ક્રોપ, અટલ જળ યોજના, નમામી ગંગા જેવા પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામ થઈ રહ્યું છે. ભારત વરસાદી પાણીનું જેટલું સારું સંચાલન કરશે, તેટલો ભૂગર્ભ જળ પરનો આધાર ઓછો રહેશે.

ચોમાસાને હજી વાર છે, તેથી હવે પૂર જોશમાં પાણી બચાવવાની તૈયારી કરવી પડશે. ટાંકી, તળાવો અને કુવાઓ સાફ કરવા જોઈએ. જો વરસાદના પાણીના માર્ગમાં કોઈ અવરોધ આવે તો દૂર કરવાનો છે. આ માટે કોઈ મોટી ઈજનેરીની જરૂર નથી.

# હવે ૪ સપ્તાહને બદલે ૮ સપ્તાહ બાદ આપવામાં આવશે બીજો ડોઝ




*ન્યુ દિલ્હી,તા.૨૨*

સરકારે એસ્ટ્રાઝેનેકાની કોરોના વેક્સિન કોવિશીલ્ડના પ્રથમ અને બીજા ડોઝ વચ્ચેનું અંતર વધારવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રના નિર્દેશ અનુસાર, કોવિશીલ્ડના બંને ડોઝની વચ્ચે ઓછામાં ઓછું ૬થી ૮ અઠવાડિયાનું અંતર હોવું જોઈએ. હાલમાં બંને ડોઝ વચ્ચેનું ૨૮ દિવસનું અંતર હતું. કેન્દ્રએ સ્પષ્ટતા કરી હતી કે આ નિર્ણય કોવેક્સિન પર લાગુ નહીં પડે.

કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, આ નિર્ણય રાષ્ટ્રીય ટેક્નિકલ સલાહકાર ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન (NTAGI) અને વેક્સિનેશન નિષ્ણાત જૂથ દ્વારા હાલના રિસર્ચ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેનો અમલ રાજ્ય સરકારોએ કરવો પડશે. એવો દાવો કરવામાં આવ્યો છે કે જો વેક્સિનનો બીજો ડોઝ ૬થી ૮ સપ્તાહની વચ્ચે આપવામાં આવે તો એ વધુ અસરકારક સાબિત થશે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાના કહેર વચ્ચે આમ પ્રજા હતપ્રભ શા કારણે.....?

દેશમાં કોરોના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૭ હજાર જેટલા કેસો સામે આવ્યા છે. તે સાથે ૨૧૨ વ્યક્તિના કોરોનાને કારણે મોત થયા છે. દેશના આઠ રાજ્યોમાં કોરોના એ વરવુ રૂપ ધારણ કરતાં આ રાજ્યોએ કોરોના નિયમોનું પાલન કરવા પગલાં લેવાનું શરૂ કરી દીધું છે તે સાથે જે તે રાજ્યમાં કેટલાક નાના- મોટા શહેરોમાં લોકડાઉન, નાઈટ કર્ફ્યુ જેવા પગલાં તો હોટ સ્પોટ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ કર્યા છે અનેક શાળા-કોલેજો પર પાબંદી ફરમાવી દીધી છે. મહારાષ્ટ્ર રાજ્યમાં સૌથી વધુ કોરોના કેસો સાથે મૃતાંક પણ વધુ છે. તથા અન્ય સાત રાજ્યમાં પણ કોરોના કેસો સતત વધી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારે લોકડાઉન લગાવવામા નહીં આવે તે સાથે કર્ફ્યુ પણ નહીં લગાવવામાં આવે એવું પ્રજાજોગ નિવેદનમાં જણાવવામાં આવ્યું. બીજી તરફ હિંમતનગરની એક શાળામાં ૪૦ જેટલા વિદ્યાર્થી કોરોનાની ચપેટમા આવ્યા છે તો રાજકોટમાં એમબીબીએસના અભ્યાસ કરતા ૪ વિદ્યાર્થી કોરોનાની ચપેટમાં આવી ગયા જામનગરમાં પણ કેટલાક વિદ્યાર્થીઓ કોરોના ચપેટમાં આવી ગયા છે અને આ કારણે લોકોમાં ફફડાટ છે. ત્યારે રાજકોટમાં એમ બી બી એસ કોલેજના વિદ્યાર્થીઓ કોરોના ચપેટમાં આવી ગયા તે કોલેજ માટે પીડીયુ મેડિકલ કોલેજ જવાબદાર છે કારણ સરકાર દ્વારા પાબંધીના આદેશો હોવા છતાં ક્લાસ ચાલુ રાખ્યા હતા. જ્યારે કે કોરોના હોટસ્પોટ બનેલા સુરતમાં ભાજપના મહિલા નગરસેવક દ્વારા આંતરરાષ્ટ્રીય હેપીનેશ ડે નો કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ૫૦ જેટલા બાળકો ભેગા કર્યા હતા... આ બધું કેટલીક સરકારની પાબંધી હોવા છતાં ભાજપના જ ઉજવણીઓ કરે અને શું કહેવુ....?આ ઘટના અંગેના વીડિઓ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા અને લોકોએ આ બાબતે સવાલ ઉઠાવી પગલા લેવા માંગ કરી હતી.... તો જી પી એસ પરીક્ષામા ૧૩ હજારથી વધુ પરીક્ષાર્થીની પરીક્ષા લેવાય.... આવી બાબતમાં તંત્રનુ ધ્યાન જતું નથી અને રાજ્યમાં હોળી પ્રાગટ્ય માટે છૂટ પરંતુ રંગોત્સવ ઉજવવા પર પાબંદી....અગાઉ ધાર્મિક ઉત્સવો ઉજવવા પર પણ પાબંદી ફરમાવી હતી. જોકે સરકારે રસીકરણમાં ઝડપ વધારવા તંત્રને દોડતું કર્યુ છે તો રાત્રી કર્ફ્યુનો અમલ પણ થઈ રહ્યો છે. પરંતુ જેના કારણે ફેલાય તેવા રાજકિય નેતા કે અન્યો દ્વારા યોજાતા કાર્યક્રમો અંગે સરકારની વિવિધ પાબંધી-દીશા નિર્દેશ છતાં પગલા કેમ લેવામાં આવતા નથી....? તેવી લોકોમાં સવાલી ચર્ચા ઉઠવા પામી છે.....!

વડાપ્રધાન શ્રી મોદીજીએ જે તે રાજ્યોને કોરોના કેસો વધે નહીં તેમજ રસીકરણ વધારવા તથા કોરોના નિયમોમાં પાલન કરવામાં માસ્ક પર વિશેષ જોર આપ્યું હતું તેવી સલાહ આપી હતી... પરંતુ જે રીતે દેશભરમાં કોરોના કેસો વધી રહ્યા છે તે ચિંતાજનક રીતે વધી રહ્યા છે.. તેમાં પણ મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૩૦,૫૩૫ નવા કેસ સામે આવ્યા છે તો મુબઈમા ૩,૭૭૫ નવા કેસ સામે આવ્યા છે. કે જે આર્થિક વ્યવહાર નું મુખ્ય મથક છે. ગુજરાતમાં ૧૫૮૦ ઉપરાંત નવા કેસ સામે આવ્યા છે. બીજી તરફ રાજ્યના અમદાવાદ, સુરતમાં બહારથી આવનારાઓનુ ટેસ્ટિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે. તો પ્રજા માટેના જાહેર સ્થળો,હોટેલ,રેસ્ટોરન્ટ જેવા પર જરૂરી પાબંદી ફરમાવી છે તો શહેરી આંતરિક બસ સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. રાત્રી એસટી બસો પણ બંધ છે. છતાં કરોડોના કેસો સતત વધી રહ્યા છે. જોકે સુરતમાં કાપડ બજાર અને ડાયમંડ બજારે શનિ અને રવિ બે દિવસ સ્વયંભૂ બંધ પાળ્યો હતો. જે આવકારદાયક બાબત છે. આવા સમયમા સોશિયલ મીડિયા પર લોકો પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે કે આ કોરોના સરકારી તંત્રના નેજા હેઠળ હોય તેવું લાગી રહ્યું છે.... ચૂંટણીઓ હોય ત્યારે કોરોના સમાચાર "સમાચાર માધ્યમો"માં આવતા બંધ થયા અને ચૂંટણી પરિણામો આવ્યા બાદ કોરોના સમાચારોનો મારો શરૂ થયો. આને શું સમજવું...? પ્રજાકિય પરંપરાગત ઉત્સવો પર પાબંધી અને રાજકીય ક્ષેત્રના કાર્યક્રમો માટે આંખ આડા કાન....?! શાળા-કોલેજોમાં કે ધાર્મિક કાર્યક્રમો પર પાબંધી અને ક્રિકેટ મેચ માટે છૂટ.....? ચૂંટણીઓમાં બધી છૂટછાટ આને શું સમજવુ...?

# "જળ દિવસ" નિમિતે નીલ & વ્રીતીકાને રાષ્ટ્રીય સંતશ્રી નમ્રમુનિ મહારાજના આશીર્વાદ



થોડા દિવસો પહેલા રાષ્ટ્ર સંત મહારાજ મ.સા. શ્રી નમ્ર મુનિ મહારાજ જૂનાગઢ દીક્ષા મહોત્સવ માં પધારેલા. નીલ & વ્રીતીકા એ મહારાજ સાહેબ ની મુલાકાત લીધેલી અને પોતાના જળ અભિયાન વિશે માહિતગાર કર્યા. મ.સા. શ્રી નમ્ર મુનિ તત્કાલ રાજકોટ પધારેલા ત્યારે તેમને બંને બાળકો ને આશીર્વાદ પાઠવેલા અને સમગ્ર સમાજ જળ સંચય કરે અને આવનારા વર્ષો માં પાણી ની સમસ્યા ના સર્જાય તે માટે નીલ & વ્રીતીકા એ કરેલા પ્રત્યનો ને બિરદાવેલા. સાથે નીલ & વ્રીતીકા ના અલગ અલગ પ્રયોગો ( પ્રોજેક્ટો ) વિશે પણ જણાવ્યું. ૨૨ મી માર્ચ ૨૦૨૧ ના વર્લ્ડ વોટર ના દિવસે નીલ & વ્રીતીકા ના વોટર સેવિંગ પ્રોજેક્ટ ના પ્રકલ્પો લાખો લોકો માં ફેલાય તેવા મંગલ આશિષ પાઠવ્યા છે. અને આજ્ઞા કરી કે બાળકો ની જે પ્રેરણા છે તે અનુસાર દરેક ઘર પર , દરેક ફેક્ટરીઓ પર , દરેક જગ્યા એ વધારે માં વધારે તેમના પ્રોજેક્ટ નો ઉપયોગ કરી જળ બચાવે. નીલ & વ્રીતીકા ને રમત ગમત માં ક્રિકેટ અને બેડમિન્ટન માં પણ ખુબ રસ ધરાવે છે. ફ્રી સમય માં મોજ થી પાણી અને પોલ્યૂશન વિશે સર્ચ કરવું અને પાણી બચાવવાના વિચારો ફેલાવે છે. નીલ & વ્રીતીકા ને શ્રી નમ્રમુનિ મ.સા. ના આશીર્વાદ મળતા ખુબ ખુશ થયા છે. અને સહપરિવાર આભાર પ્રગટ કરેલ છે. સાથે નીલ & વ્રીતીકા નું ફેસબુક , ઈન્સ્ટાગ્રામ & ટ્વિટર એકાઉન્ટ પણ છે. જેમાં થી પ્રોજેક્ટ જોઈ અમલ કરી શકો છો તે તદ્દન ફ્રી છે.

કોઈ પણ સજીવ ને જીવન માટે ત્રણ જરૂરિયાત હવા પાણી અને પૃથ્વી. સજીવ માં બધું જ આવી જાય માણસ, પશુ, પંખી, વૃક્ષ, પરંતુ કુદરત એ આપેલી આ અમૂલ્ય ભેટ ( હવા , પાણી અને પૃથ્વી ) પર માણસ એ પુરે પૂરો કબ્જો જમાવી લીધો છે. પ્રકૃતિ નું પુરેપૂરું દોહન કરી લીધું છે. અને તેના ભયાનક પરિણામો આપણે અને આપણી આવતી પેઢી ને ભોગવવાના છે.આજે ફક્ત ૧૦૦ વર્ષ પહેલા નો વિચાર કરી એ તો જંગલો , નદીઓ , કુદરતી પહાડો , આ ધરતી પર હતા,પ્લાસ્ટિક હતું જ નઈ. આજે પણ કુદરતી વાતાવરણ છે પરુંતુ જ્યાં માનવી ની નજર પહોચી નથી ત્યાં જ. અત્યારે નદીઓ માંથી બેફામ રેતી ઉલેચી લેવા માં આવી છે. પ્લાસ્ટિક ની બોટોલો અને કચરો નદીઓ અને સમુદ્રો માં ભેળવી દેવા માં આવેલ છે. સિમેંટ ના જંગલો ખડકવા માં આપણે પ્રકૃતિ ની ઉપેક્ષા કરી રહ્યા છે એ . નદીઓ માં જે કુદરતી રેતી હોઈ છે , જે સ્પન્જીક હોઈ છે તેના બે કણ વચ્ચે કુદરતી રીતે પાણી સ્ટોરેજ થાય છે. તે આપણે ખોદી ખોદી ને કાઢી લેતા નદીઓ ના પટ સૌ સમતલ થતા પાણી સ્ટોરેજ થતું નથી અને વર્ષા ઋતુ માં સડસડાટ નીકળી જાય છે. આગળ ચેકડેમ હોઈ તો ઠીક બાકી સીધું દરિયા માં ચાલ્યું જય છે. શિયાળા ના અંત સુધી માં નદીઓ ખાલી ખમ અને પાછું પાણી ની તકલીફ ચાલુ. નીલ & વ્રીતીકા ના સર્વે મુજબ ૨૦૩૦ માં આપણે ભારત ની વસ્તી ૧૫૦ કરોડ ની આજુબાજુ થય જશે . જંગી કારખાના ઓ બેફામ પાણી નો વપરાશ અને વધતી વસ્તી થી પાણી ના તળ ૧૫૦૦ થી ૧૭૦૦ ફૂટ ચાલ્યા જશે.

જો અત્યાર થી આપણે વરસાદ નું પાણી જમીન માં નઈ ઉતારી એ તો તેની સાઈડ ઈફેક્ટ બહુ આવી શકે છે. આ સાથે અમારી એક ડિઝાઇન મુકુ છું જેમાં કેટલા ફૂટ સુધી બોર કરી એ તો પાણી સારું રહે તે દર્શાવે છે . જમીન ના ઊંડે થી પાણી કાઢતા પાણી ગરમ આવે છે. તે પીવા થી પથરી ના દર્દ થાય છે અને વીજળી નું બિલ પણ વધુ આવે છે. ઉપરાંત જમીન ને વીંધી નાખવા થી ધરતીકંપ ની શક્યતા વધી જાય છે.નદી ને આપણે લોક માતા ગણી એ છેએ .પણ તેના શું હાલ કરી એ છીએ ? તેમાં ફેક્ટરી ના ગંદા પાણી , શહેર ની ગટર , પ્લાસ્ટિક ના કચરા , સ્મશાન ની રાખ આ બધુ નાખતા રહીએ છીએ . શું આપણા દેશ ની નદીઓ નું પાણી પીવા લાયક છે ? પહેલાના સમય માં કહેવાતું પૈસા પાણી ની જેમ વાપરે છે. હવે તે કહેવત ઉલ્ટી કરવાની જરૂર છે. પાણી પૈસા ની જેમ વાપરો. ગણી ગણી ને બિલકુલ વેસ્ટ ના જવા દઈએ. વરસાદ નું એક એક ટીપું અમૂલ્ય છે.

નીલ & વ્રીતીકા ના વિચારો ને ડ્રાફ્ટમાં બનાવવા તેના પપ્પા ના ઓફિસ આસિસ્ટન મદદ કરે છે. અને નીલ ના **S.N.K.** ના ઉમેશ સર પણ ક્યારેક ગાઈડ કરે છે. નીલ & વ્રીતીકા સાથે લોહાણા મહાપરિષદ ના એન્વાયરમેન્ટ કમિટી ના પ્રમુખ શ્રી કિરીટ ભાઈ ભીમાણી પણ પ્રકૃતિ પ્રત્યે ઘણું રિસ્પેક્ટ રાખે છે. વૃક્ષઓ વાવવા , અનાજ નો બગાડ ના કરવો, પ્લાસ્ટિક નો ઓછો ઉપયોગ , પાણી બચાવવું , પોલ્યૂશન ઓછું થાય , તેવા સંદેશા ફેલાવવા જેવી વિવધ પ્રવૃત્તિ કરે છે. શ્રી કિરીટ ભાઈ વૃક્ષ પ્રેમી તરીકે મશહૂર છે. જેણે હજારો વૃક્ષો વાવ્યા છે અને તેનું જતન પણ કર્યું છે.

પાણી ની સાથે બંને ભાઈ બહેન પોલ્યૂશન પર પણ છેલ્લા ૨ વર્ષ થી રિસર્ચ કરતા હતા. તેમાં શરૂવાત માં સારા રિઝલ્ટ મળેલા છે. કામ પૂરું થતા તેની પણ જાણ કરવા માં આવશે.

તસવીર - અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

# દુનિયા ના સ્પામ ઈમેઈલ વાંચવા બદલે પરમાત્માના ઈમેઈલ પર ધ્યાન આપીએ:સંત રાજિન્દર સિંહજી મહારાજ

સ્માર્ટફોન, ટેબ્લેટ્સ વગેરે જેવા આધુનિક તકનીકી ઉપકરણોના પ્રસાર સાથે,લોકો ડિજિટલ પદ્ધતિઓ દ્વારા પહેલા કરતા વધુ વાતચીત કરે છે.ઘણા લોકો જ્યારે તેઓ રૂબરૂમાં એક બીજા સાથે મુલાકાત કરી શકતા નથી અથવા ફોન દ્વારા વાતચીત કરી શકતા નથી ત્યારે તેઓ ઈમેઇલ અથવાઈન્સ્ટન્ટ લેખિત સંદેશાઓ દ્વારા એક બીજા સાથે વાત કરે છે. દરેક શોધનો સકારાત્મક લાભ તેમજ નકારાત્મક આડ અસર હોય છે.ઈમેઇલ અને લેખિત સંદેશા જેવી નવીનતા ઓમાં પણ તે સાચુ છે.આપણે કુટુંબીઓ, પ્રિયજનો કે મિત્રો પાસેથી સંદેશા વ્યવહાર ની રાહ જોતા હોઈએ છીએ ત્યારે આપણને પણ સ્પામ સંદેશ કે અનિચ્છનીય સંદેશાઓ મળી રહ્યા હોય છે. મોટાભાગના સ્પામ કે જે આપણા કોમ્પ્યુટર અથવા સ્માર્ટફોનના ઈનબોક્ષ ને ભરે છે તે જાહેરાતો હોઈ શકે છે. કેટલીક જાહેરાતો આપણને મિત્રાતા નાવેશમાં કોઈક સર્વિસીસ કે તેમની પ્રોડક્ટ નુ માર્કેટીગ કરવા માંગતા હોય છે.કેટલીક વાર હેકર્સ આપણે જાણતા હોય તેવા લોકોના નામે ભ્રમિત કરીને ઈમેઈલ મોકલે છે જેથી તેઓ આપણા કમ્પ્યૂટરપર વાયરસ લગાવી શકે. કેટલાક એવા લોકો કે જેને આપણે જાણતા જ નથી તેઓ તેમની પાસેની સુચિમાં થી ફક્ત લોકો ને ઈમેઈલ કરતા રહેતા હોય છે. કોઈપણ સ્રોત હોય પરંતુ આવા સંભવિત સ્પામ અથવા જંક ઈમેઈલમાંથી આપણે ઈચ્છતા હોય તેવા ઈમેઈલશોધવામાં ઘણો સમય લે છે .કેટલીકવાર આપણે એક કે બે મિનિટકાઢીને કોઈકના અગત્યના મેસેજ કરવામાં કે વાંચવાઈચ્છીએ છીએ પરંતુ તેના બદલે ડઝને ક સ્પામ મેસેજમાંથી પસાર થવુ પડે છે .કેટલીક વાર આપણુ ઈનબોક્ષ આ સ્પામ સંદેશ થી ભરાય જાય છે અને ખરેખર જોઈતા સંદેશ પ્રાપ્ત કરી શકતા નથી પછી આપણે સ્પામ અથવા અનિચ્છનીય સંદેશાઓ ને કાઢી નાખવામાં કલાકો પસાર કરવા પડે છે અને આપણો દિવસ વ્યર્થ જાય છે. આ પરિસ્થિતિ આધ્યાત્મિક માગે જે થાય છે તેના જેવી જ છે. પરમાત્મા આપણને ઘરે પરત બોલાવવા નો સંદેશો મોકલવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ આપણે આ દુનિયામાંથીમળતા અનિચ્છનીય સંદેશાઓ એટલે કે



સ્પામમાં આપણો સમય પસાર કરી રહ્યા છે. મન નથી ઈચ્છતુ કે આપણે પરમાત્મા તરફ પરત ફરીએ. તે સ્પામ દ્વારા છેતરપીંડી કરીને આપણુ ધ્યાન આ દુનિયામાં દોરે છે. ભગવાનના ઈમેઈલ-સંદેશ આંતરિક પ્રકાશ અને ધ્વનિ નારૂપમાં આવી રહ્યા છે.આ ઈમેલને પ્રાપ્ત કરવા માટે આપણે ધ્યાનમાં બેસવાની જરૂર છે. ભગવાનના ઈમેઈલ આપણી આત્માને શાશ્વત આનંદ, આનંદ અને આનંદ માં દોરે છે પરંતુ આપણે એવા વિચારો, શબ્દો અને કાર્યોમાં ઘણો સમય બગાડીએ છીએ જે ભગવાનને શોધવામાં આપણને મદદ કરશે નહીં. આપણે જાણીએ છીએ કે આપણી પાસે શારીરિક શરીર છે તેને સંભાળવા માટે તેને ખવડાવવુ પડશે અને આપણી અનેકુટુંબની જરૂરિયાત પહોચી વળવા કામ કરીએ છીએ. આપણે જાણીએ છીએ કે દુનિયામાં ટકી રહેવા માટે જે જરૂરિયાત છે તેને ખરીદવા માટે પૈસા કમાવવા માટે આપણે શાળા અથવા નોકરીમાં સમય પસાર કરીએ છીએ. ઘરમાં પણ થોડો સમય પસાર કરવો જોઈએ. દરેક મનુષ્ય ને જીવવા માટે જરૂરી સમય ઉપરાંત આપણી પાસે ખૂબ સમય મળે છે જેમાં આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે પસંદ કરી શકીએ છીએ. આ દુનિયાના ઈમેઈલ વધુ પૈસા, વધુ સંપતિ, વધુ પ્રાપ્તિ, વધુ કીર્તીનીઈચ્છા લાલચમાં રાખે છે જ્યારે પણ આપણે એક ઈચ્છા પ્રાપ્ત કરીએ છીએ ત્યારેઆપણુ મન આપણને બીજી ઈચ્છા મોકલે છે. આપણે પ્રાપ્ત કરેલી કોઈપણ બાબતમાં કદી સંતોષ થતો નથી. કારણ કે ઈચ્છા નો સ્વભાવ આપણને કંઈ બીજી ઈચ્છા માટે દોરી જાય છે ફક્ત એક જ રસ્તો છે કે જે આપણને પરિપૂર્ણ કરી શકે છે તે આધ્યાત્મિક પ્રાપ્તિ છે. આપણા સ્વયં ને શોધવુ અને પરમાત્મા પ્રાપ્ત કરવા એ એક માત્ર પ્રાપ્તિ છે જે આપણને સંતોષ આપશે. આવુ કરવા માટે આપણને ધ્યાનમાં પ્રાપ્ત થતા પ્રકાશ અને ધ્વનિ ના સ્વરૂપ માં ભગવાનના ઈમેઈલ પર ધ્યાન કેન્દ્રિત કરવુ પડશે. આપણી અંદર એક કીમતી ખજાનો છેપરંતુ કેટલાક જ એવા છે કે જેમને તેનો અનુભવ છે. આપણે પરમાત્મા ને બહારની દુનિયા માં શોધી રહ્યા છીએ પરંતુ આપણે તેમને આપણા અંતરમાં અનુભવ નથી કરી રહ્યા. આનંદકારકરહેવાનુ રહસ્ય આપણા અંદર છે તેને શોધવા ફક્ત આપણે શાંતિ થી ધ્યાન માં બેસીને આત્મા નો અનુભવ કરવાની જરૂર છે. તો આવો આપણે દુનિયા ના સ્પામ સરખા કરવાને બદલે પરમાત્મા ના ઈમેઈલ પર ધ્યાન આપીએ. આ રીતે આપણે આંતરીક શાંતિ અને પરિપૂર્ણતા ને પ્રાપ્ત કરીશુ તથા આપણા સંપર્ક માં આવતા બધામાં ફેલાવીશુ. આપણે ધ્યાન ની કળા શીખીને આપણી અંદર શાંતિ નુ સ્વર્ગ બનાવીએ છીએ અને બીજાઓમાં ફેલાવીએ છીએ.વિશ્વને શાંતિપૂર્ણ, દૈવી પ્રેમ અને આનંદનુ સ્થળ બનાવીએ છીએ.

## અનુસંધાન સાહિત્ય સરિતા નું ચાલુ

-NOG SS No : 0064
વિષય : જળ દિવસ
પ્રકાર : ગદ્ય
શીર્ષક : જળ બચાવો

"જળ એ જ જીવન છે. જળ બચાવો... જીવન બચાવો."ના નારા ચાલનાં નાકે આવેલાં રસ્તા પર જોરશોરથી ફૂંકાય રહ્યાં હતાં.

ટોળાનું સંચાલન કરતો શંભુ પોતાનાં આક્રમક સ્વભાવની છાપ છોડતો ચાલનાં લોકોને જાગૃત કરવાં એકદમ ઉગ્ર બની નારા લગાવી રહ્યો હતો.

મંજરી ચાલની જ એક ખખડધજ બારીનાં સળિયા પકડી એકીટશે ક્યારેક શંભુને ક્યારેક ટોળાને જોતી હતી, તો ક્યારેક શૂન્યમનસ્ક થઈ આકાશને તાકી રહેતી. ચાલી રહેલું બધું સમજવાની મથામણમાં ક્યારે તેને ઝોકું આવી ગયું એ ખબર ન રહી. પાણીની જોરદાર છાલક મોઢાંને ભીંજવતી આછાં પીળાં રંગની સાડી પર સરકતી જમીન પર ઢળી. શંભુના આક્રમક શબ્દો તો મંજરીનાં કાને અથડાય પાછાં વળતાં હતાં.

મંજરી જમીન પર ઢોળાયેલ પાણીની સાથોસાથ ગાલ ઉતરી આવેલાં પાણીનાં રેલાને પણ બચાવવાનો પ્રયત્ન કરતી પોતું ફેરવતી મનોમન વાગોળતી રહી,

'જળ એ જ જીવન. જળ બચાવો... જીવન બચાવો!'

નેહા બગથરીયા

-----------------------------------------------

NOG SS No 0097
વિશ્વ જળ દિવસ
પ્રકાર—ગદ્ય
શીર્ષક — અમૂલ્ય

અમૂલ્ય શબ્દનો અર્થ બે રીતે લઈ શકાય. એક તો જેનું મૂલ્ય જ ન થઈ શકે અને બીજું જેનું મૂલ્ય નથી એ. પરંતુ પહેલો અર્થ પ્રચલિત હોય એ જ માન્ય પણ છે. જેનું મૂલ્ય નથી એને માટે મફત શબ્દ છે જ.

પાણી અને હવા દરેક સજીવ માટે પાયાની જરૂરિયાત છે જ એ નિર્વિવાદ સત્ય છે. માટે જ એ અમૂલ્ય પણ છે. આપણે આપણા કિંમતી દાગીના અને અગત્યનાં દસ્તાવેજોની ખુબ કાળજીથી જાળવણી કરીએ છીએ કારણ કે એકની કિંમત ચુકવી છે અને બીજાની અગત્યતા આપણને ખબર છે. પાણી અને શુદ્ધ હવાનું મહત્વ ગઈકાલ સુધી નહતું પરંતુ આજે ઘણાંને સમજાય રહ્યું છે.

આપણે વ્યક્તિગત રીતે પણ પાણી બચાવવા અને એને સંચિત કરવા માટે પ્રાથમિકતા આપવી પડશે. પરિવારના દરેક સભ્યોએ પાણી બચાવવાનો સંકલ્પ આજના દિવસે કરવો જ જોઈશે. પૈસા કરતાં પણ પાણી બચાવવું વધુ જરૂરી છે.એવો શક્ય એટલો પ્રચાર કરવો પડશે.

ચાલો આજે આપણે સૌ પાણી બચાવવાનો સંકલ્પ કરીએ.

વર્ષા દેસાઈ

-----------------------------------------------

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No :0059
વિષય:પાણી.
શીર્ષક: " પાણી અને વાણી".

સમગ્ર સૃષ્ટિનાં સર્જનહારે,સૃષ્ટિ નાં ઊત્તમ ગણાતા સર્જન માનવને બે અતી ઉતમ ભેટ આપીછે, તે પાણી અને વાણી.

જરા કલ્પનાજ કરોકે,જો આ પાણી અને વાણી, આપણને ન મળ્યા હોતતો, આપણું જીવન કેવું હોત ?

મફતમાં મળેલી આ અમૂલ્ય ભેટનો આજે આપણે કરી રહેલ દૂરુપયોગ શું આપણા માટે શોભાસ્પદ છે ? જરા પૂરી ગંભીરતાથી આપણે વિચારવાની જરૂરત છે કે નહિ ?

" પાણી બચાવ, જીવન બચાવ,
-વાણી બચાવ, સંબંધ બચાવ".

અમૂલ્ય સૂત્રને આપણે સૌ આજ પળથી,પ્રમાણિકતા સાથે અપનાવી, વિશ્ર્વને પાણીનાં આવનારા સંકટથી બચાવીએ.

પાણી સમગ્ર જીવસૃષ્ટિનું અમૃતછે પાણીનું બુંદબુંદ બચાવવું તે આપણી નૈતિક ફરજછે.

પાણી બચાવી આપણું
યોગદાન આપી,સમગ્ર જીવ સૃષ્ટિને
અભયદાન આપીયે.

જયકાન્ત ઘેલાણી "પ્યારે".

-----------------------------------------------

NOG SS No.-0050
વિષય - જળ દિવસ.
પ્રકાર - લેખ.
શીર્ષક -જળ એક અમૃત સમું

મહામૂલ્ય જરૂરી અમૃત સમું. એકએક ટીપું બચાવો તો એ આપણને બચાવશે ને પાણી આપણને.પાણી કયાં કયાં છે..?
તો વડીલો કહેશે...!
દાદા, દાદી ખૂબ નદીઓ જોઈ..!
માતા, પિતા કહેશે કૂવામાં જોયું..!
આપણે નળમાં ને બોરીંગમાં જોઈએ ..!
આપણા બાળકો તો બોટલમાં જુવે..!
પાણીને સાચવશું નહિતો...!સમુંદરમાં ૯૭ %
ગ્લેશિયર રૂપે ૨.૪%
ને નદી , તળાવમાં ૦.૬%
સ્તર ઘટતું જાય છે.તંગી વખતે સાવચેતીથી વાપરવું.નિષ્ફળ જાય ચોમાસું તો વિકટ પરિસ્થિતિ પેદા થાય.વધતીજતી વસ્તીનાં લીધે પથ્થરની ખાણનું પાણી પીવે છે લોકો. જળસંચય તેજ જળસંવર્ધનને લોકોએ ચળવળ બનાવવાનો આહવાહન કર્યું. કદાચ ત્રીજું વિશ્વયુધ્ધ થશે તો પાણી માટે.ધરતીને આપીએ તેટલું પાછું લે છે.કહેવાય છે જર્મનીનાં એક જ પાણીનો પ્યાલો નવ વ્યકિતઓનાં પેટથી પસાર થાય છે.ભૂગર્ભમાં જળ નીચા થઈ ગયાં . પૃથ્વી પર ત્રણ ભાગ પાણી હોવા છતા પીવાના પાણી માટે તડપવું પડે છે .મોટા ભાગનું ગ્લેશિયરોમાં છે. પાણીનો બગાડ નહી અટકાવીએ તોવરસાદનું પાણી દરિયામાં જતું રહેશે .પાણીતો પારસમણી ની જેમ કિંમતી છે.કુદરત તો ઘણું આપે છે પણ ભરવાનું પાત્ર ટૂકું છે.
ત્રીજું વિશ્વયુધ્ધ અટકાવવું હોય તો વરસાદના એકએક ટીપાંને ઝીલવું પડશે.લાઈફ સ્ટાઈલ બદલીએ.ભૂગર્ભમાં જમા કરશું તેથી જળ સપાટી ઉપર આવે.પાણીનું શુદ્ધિકરણ કરી પુન ઉપયોગમાં લઈએ.
ડરીને હાથમાં હાથ ધરી બેઠા રહીશું.
મીઠું પાણી બચાવતા નથી તો કોઈની આંખમાં ખારું ન વહે એનું ધ્યાન રાખીશું..?
અણમોલ અમૃત સમું જળને ઈીદ્ગોેષ્ઠી , ઈીજી, ઈીષ્ઠઅષ્ઠક્ની આ ધ્યેય રાખશું.
"માણસની નીચે રેલો આવે ત્યારે જ ખબર પડે કિમંત પાણીની..!"

રાગીની શુક્લ"રાગ",(મુંબઈ, કાંદિવલી.)

-----------------------------------------------

NOG NO 005
વિશ્વ જળ દિવસ નિમિત્તે ??
જોહર

'વાહ ટીપું, તેં અમને જીવની જેમ સાચવીને રહેવા માટે સરસ ઠંડકવાળો ટાંકો આપ્યો. આ વખતે આમ પણ અમને ગણીગણીને વરસવાનું જ કુદરતનું ફરમાન હતું ને!'
આમ, ટીપું ટીપાંને સાચવીને ખુશ થયો અને ટીપું સચવાઇને...પણ એ ખુશી પળવારની હતી.
સવારે બેસિનનો નળ ખૂલતાં સામુહિક જોહર કરતા ટીપાંથી ન રહેવાયું અને માનવજાતને વિનાશનો શ્રાપ અપાઈ જ ગયો!

વંદના વાણી


# રાજકોટની મેડિકલ કોલેજના સેકન્ડ MBBSના ૪ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત


રાજકોટ,તા.૨૨

કોરોનાની બીજી લહેરે રાજ્યમાં ફફડાટ લાવી દીધો છે. હવે રાજ્યમાં કોરોના કેસોનો આંક ૧૫૦૦થી વધારે પહોંચી રહ્યો છે. તેવામાં રાજ્યમાં ફરી એકવાર કોરોના બેકાબૂ બનતાં લોકોમાં ભારે ડરનો માહોલ છે. ત્યારે રાજકોટમાં કોવિડ હોસ્પિટલમાં ૬ દર્દીના મોત થયા છે. જેમાંથી આફ્રિકાથી અભ્યાસ માટે મારવાડી યુનિવર્સિટી આવેલા વિદ્યાર્થીનું કોરોનાથી મોત થયું છે. તેની સારવાર સિવિલના કોવિડ વોર્ડમાં ચાલતી હતી. અને આ વિદ્યાર્થીના મોત અંગે ડેથ ઓડિટ કમિટી નિર્ણય લેશે તેવું જણાવવામાં આવી રહ્યું છે. હાલ મારવાડી યુનિવર્સિટીમાં કોરોનાના ૮થી વધુ કેસો નોંધાયા હતા. જો કે, થોડા સમય બાદ વિદ્યાર્થીના મોત મામલે ખુલાસો થયો હતો. વિદ્યાર્થીનું મોત એચઆઈવીને કારણે થયું હોવાનું સામે આવ્યું હતું. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમા કોરોના કહેર દિનપ્રતિદિન વધતો જાય છે. રાજકોટમાં સતત ત્રીજા દિવસે કોરોનાના કેસ ૧૦૦ને પાર પહોંચ્યા હતા. નવા ૧૦૯ કેસ અને જિલ્લામા એકનું મોત નિપજ્યુ હતું. તો બીજી તરફ રાજકોટ મેડિકલ કોલેજમાં સેકન્ડ એમબીબીએસના ચાર વિદ્યાર્થીને કોરોના થતા ફફડાટ ફેલાયો હતો. કોરોનાને કાબૂમાં રાખવા માટે મનપાએ ફરીથી ટેસ્ટિંગ બૂથ શરૂ કર્યા છે તેમજ ફરીથી જે વિસ્તારમાંથી કેસ આવે ત્યાં સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરાશે અને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનનું કામ ચુસ્ત રીતે થશે. જિલ્લા કલેક્ટર કચેરીએ અલગ અલગ વિભાગના અધિકારીઓની બેઠક બોલાવી વેક્સિનેશન વધારવા માટે સૂચના અપાઈ છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપની વિશ્વ જળ દિવસ નિમિત્તે રચનાઓ આયોજક: મુખ્ય નિર્ણાયક: જયશ્રી પટેલ





ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે ૧૫ પદ્ય અને ૯ ગદ્ય રચનાઓ જળ દીવસ નિમિત પ્રસિદ્. ....
વિષય . વિશ્વ જળ દિવસ નિમિત્તે પ્રસિદ્ધ..
સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews

પદ્ય વિભાગ

## NOG SS NO 0091

વિષયઃ જળ દિવસ
પ્રકારઃ પદ્ય

ન કોઈ ગંધ ન કોઈ રંગ, નથી રૂપ નથી આકાર.
છતાં લાગે સૌને વ્હાલું, કરે પાણીનો જય જયકાર.
કુદરતની એ અમૂલ્ય દેન ને પ્રકૃતિની ભેટ.
જીવનનો આધાર અને પૃથ્વીનો શણગાર.
સંસારમાં સૌથી ઊંચા સ્થાને વહેતું નિર્મળ પાણી.
અલગ અલગ રંગ એના અલગ એનું સ્વરૂપ.
આંસુ બને, ઝાકળ બને, ક્યારેક વરસાદનું ટીપું.
ક્યારેક વરસાદની ધાર બને તો ક્યારેક અમૃતનું બિંદુ.
તરસ્યાનો તું તારણહાર, ક્યારેક પૂરની ફૂહાર.
બાગ ઉપવનને કરતો સહાય તો ક્યારેક કરતો સંહાર.
તું જ તારે તું જ ડુબાડે, તું જ તારણહાર.
જીવન માટે સૌથી જરૂરી તું જ સૌનો આધાર.
પર્વતમાંથી નીકળી તું બંને ઝરણું નદી.
અંતે સાગરને મળીને સફર ખેડે ખરી.
સર્જન અને વિસર્જન, થાય તારા થકી.
દુનિયાને જીવંત રાખવા જરૂર તારી ખરી.
ગળથૂથી થઈને મુખમાં જાય પાણી.
મૃત્યું થતાં મુખમાં અપાય ગંગાનું પાણી.
પાણિગ્રહણમાં પણ સાક્ષી થાય પાણી.
ચીતાને ઠારવા પણ વપરાય આ જ પાણી.
તરસ્યાની તરસ બુઝાવે, ધરાને રાખે ટાઢી.
શિવલિંગ પર હરખાતું ચડે, આ ચોખ્ખું પાણી.
મૂલ એનું સમજીને અમૂલ્ય કરો પાણી.
જળ બચાવો જીવન બચાવો, કરો સૌ ઉજાણી.

જિજ્ઞાસા યુ જોષી, " શુક"

---

## NOG SS NO :- 010

પ્રકાર :- પદ્ય
વિષય :- વિશ્વ જળ દિવસ
શીર્ષક :- પાણી

જન્મ-કર્મથી નિર્મળ, પાણી સિવાય શું હોય શકે?
સૃષ્ટિ જયારથી સાથે, પાણી સિવાય શું હોય શકે?
ઇચ્છો તો બતાવે તસવીર, ઈચ્છો તો ખુદના રંગે, રંગે
વહે એ પોતાની ધૂનમાં, પાણી સિવાય શું હોય શકે?
નહેર-નદી હોય કે સમુદ્ર, બોધપાઠ એ તો સૌને આપે !
તળાવ કે ઝરણાંની વાત, પાણી સિવાય શું હોય શકે?
મૌન શીખો નદી પાસેથી, વાર્તા સાંભળવા જવું કિનારે,
જન્મેથી સંબંધ દુનિયાનો, પાણી સિવાય શું હોય શકે?
શુદ્ધ કરે, પવિત્ર કરે માનવ જીવન સભ્યતાથી પણ ભરે,
પૌરાણિક ગાથાઓ ઉરમાં ભરે પાણી સિવાય શું હોય શકે?
સાનિધ્યમાં જો જઈએ, હવામાં નરમાશ ભરપૂર ભરીને,
સદીઓનો પણ થાક ઉતારે ,પાણી સિવાય શું હોય શકે ?
આપણે આપણી ફરજનાં ચૂકીએ,બેહાલ થતાં પાણીનાં હાલ,
ચાલો સંભાળી લઈએ પાણીને, પાણી સિવાય શું હોય શકે ?

દિપ્તી પટેલ 'શ્રીકૃપા', વડોદરા.

---

## NOG SS No: 0044

વિષયઃ- જળ
પ્રકારઃ- પદ્ય ( હાઈકુ)
શીર્ષકઃ- જળનું મહત્વ.

૧. જળ બચાવો
જળ છે તો જગ છે
નહીં તો શૂન્ય.
૨. જળ સાચવો
જળ એ જ જીવન
મૂલ્ય સમજો.
૩. જળ વગર
માછલી તરફડે
સરોવરમાં.
૪. જળ કિંમતી
ખનિજથી અધિક
જળ જાળવો.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS NO : 0026

જળ..
લગાગાગા ૪ હજઝ છંદ

ઉલેચી પ્યાસ ભવભવની અમે જળ ઢોળવા બેઠાં ,
કે જળનું મૂલ્ય સમજાયું પછી તો બોલવા બેઠાં.
કે ચાલે છે જીવન જળથી ને જળ છે તો આ જીવન છે,
બધો આધાર જીવનનો જો જળથી જોડવા બેઠાં.
હવા પાણી અને અગ્નિ એ જીવનમાં જરૂરી છે,
તરસ મૂકી અમે પલડે ને જળથી તોળવા બેઠાં.
ન હો જો જળ બધું જીવન બળી જાશે અતળ તળથી,
જીવી જાશું વિના જળ લ્યો એ ગ્રંથિ છોડવા બેઠાં.
ન જળ હો તો બની જાશે સકળ આ વિશ્વ અંગારો,
કે તર્કો ને વિતર્કોમાં ખરેખર શોધવા બેઠાં

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

---

## NOG SS No: 0099

પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ 'સજીવોનો આધાર- જળ'

જળ છે તો જીવન છે, જળ સજીવોનો આધાર,
જળ થકી સૃષ્ટિને પોષનારા એ ઈશ્વરનો આભાર.
વરસાદ રૂપે આભમાં, ઝરણાં રૂપે સરિતામાં,
મોલ રૂપે ખેતરોમાં અને તરણાં રૂપે કવિતામાં.
જળ કરે સજીવન પૃથ્વીનાં જીવોનાં ધબકાર,
પ્રાણી,પક્ષી,વૃક્ષો ને મનુષ્યો સહુ દે આવકાર.
જળ વિના આખી સૃષ્ટિ લાગે છે સૂકી ધાણી,
તરસ્યા રહી જીવે કેટલું? સજીવો પોકારે પાણી.
જળ છે તો પ્રાણવાયુ દેનારા પરોપકારી તરુ છે,
જળ વિનાની કલ્પના તો આખી ધરતી 'મરુ' છે.

ભાવનાબેન મિસ્ત્રી 'અભય '
(વલસાડ)

---

## NOG SS NO -0037

વિષય - જળ દિવસ વિશે.
વિભાગ - પદ્ય.
શીર્ષક - પૃથ્વીનું અમૃત.

ભગીરથે ભોળાને ભજ્યાં,
ભોળાએ જગત કલ્યાણ અર્થે,
જટામાં ગંગાજી ધારણ કર્યાં....!
કંઠમાં વિષ ધરી,
અમૃત વરસાવ્યું,
મૂલ્ય આંકોના ઓછું...!
વિશ્વને રંગીન બનાવ્યું,
પોતે બે રંગ રહ્યું.
તોફાનો ખુદમાં સમાવ્યાં અગણિત...!
વિશ્વને તૃપ્ત કરે,
ખુદ અતૃપ્ત બની વહે,
નિર્થક ના કરો બગાડ...!
જળ વિના જીવ નહીં,
જીવ વિના પૃથ્વી વેરાન,
જળને જાળવો,એ વિશ્વને રક્ષે..!
ભેટ ઈશ્વરની અદ્ભૂત છે.
નાણાં ખર્ચતા નહીં મળે,
જળ પ્રભુનો પ્રસાદ.....!

હેમલતા દિવેચા.

---

## NOG SS No: 0048

વિશ્વ જળ દિવસ
વિભાગ - પદ્ય
શીર્ષક - જળસ્વરૂપ

ના રૂપ, ના રંગ કે આકાર,
તો ય વિશ્વમાં તારો હાહાકાર.
વિશાળ પૃથ્વીનો તું મોટો હિસ્સો,
તારી પ્રાપ્તિનો અનોખો કિસ્સો.
ક્યારેક હિમશીલામાં થીજેલ તું,
તો ક્યારેક આભેથી વરસે તું.
ભળે છે સિંધુની ખારાશે,
સરિતા કેરા નીર મિઠાશે.
વેરાન રણે મીઠી વીરડી સમાન,
ઝાંઝવાનાં મૃગજળની ભીનાશ.
અલ્લડ યૌવના સરીખો ધોધ તું,
ખળખળ ઝરણે વહેતું તું.
ગામતળાવનું અમૃત સરીખું,
કૂવાતળે ઊંડું સ્તર તારું.
પાણિયારાનાં માટલાની શોભા તારી,
બદલાઈ ગઈ આર.ઓ.ની લહેરમાં.
વિવિધ સ્વરૂપે જગમાં સ્થાન તારું,
વિશ્વ જળ દિને તને હું સ્મરું.
બની પર્યાવરણનો અદનો રક્ષક
લીધો સંકલ્પ તારા ઉપયોગનો વિવેકપૂર્વક.

પ્રકૃતિ 'પ્રીત'

---

## NOG SS No: 0092

પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- 'જળનો આર્તનાદ'

જળનું ટીપું-ટીપું પોકારે!
વેડફો ના મને લગારે.
મારાથી જીવન,
મારા થકી પ્રકૃતિ,
કરશો બરબાદ તો કોણ આને ઉગારે?
શહેરીકરણ અને મોજશોખ પાછળ,
કદી કરી ના મારી ચિંતા લગારે.
ભલે હોય ત્રણ ભાગ પાણી ને એક ભાગ ધરતી,
પીવાલાયક પાણી મળે છે ઘીની ધારે.
એક તરફ પૂર,તો બીજી તરફ દુકાળ,
નદીઓને કોણ અંદરોઅંદર બાંધે અને આ વિષમતાથી તારે?
વરસાદી પાણી રોકો,
ગામોને 'હિવરે બજાર' જેવા બનાવો,
તો જ તરશે નવી પેઢી પાણીને આધારે.
ત્રીજું વિશ્વ યુદ્ધ મારા માટે ખેલાશે,
હજીય આંખો ખોલો, મારું જતન તમારા જ સહારે.

અલકા મહેતા,ગાંધીનગર.

---

NOG. સાહિત્ય સરિતા

## NOG no - 0063

વિષય- જળ દિવસ
વિભાગ - પદ્ય
શીર્ષક - એક મહેચ્છા

જળ જાળવણીની ઉદ્દાત ભાવના
સર્વે જનમાનસમાં વહેતી રહો,
ઉજ્વળ રહો ભાવી સૌનાં
એ મહેચ્છા પૂર્ણ કરો.
ખળખળ વહેતાં ઝરણાઓ
ને વિશાળ હૈયા નદીમાતાઓ,
નીત જીવન હર્યાભર્યા કરે
એવી મહેચ્છા પૂર્ણ કરો.
પનિહારી બેડાં ભરપૂર રહે
તરફડે અબોલ કદી ના જળવીન,
મન સઘળાં સંતોષે મ્હાલે
એવી મહેચ્છા પૂર્ણ કરો.
સ્વાર્થી આ જનમાનસમાં
પરમાર્થની ઝરા ફૂટે,
વાપરે વહેંચી સૌ સાથે
એવી મહેચ્છા પૂર્ણ કરો.
નિર્મળ નીર સરવાણીઓ
ચહુઓર(ચોફેર)હરદિન વહેતી રહે,
ખુશહાલ હો આ જગ હંમેશાં
એ મહેચ્છા પૂર્ણ કરો.

રીટા ભાયાણી,મીઠાપુર.

---

NOG. સાહિત્ય સરિતા

## NOG. SS. NO. -0036

વિષય -જળ દિવસ
શીર્ષક - પાણી

પાણી
જિંદગી ભીંજવે લાગણી મીઠી વાણી,
ના મુઠ્ઠીમાં બંધાય,વહેતું ના રોકાય પાણી,
આભે વિહરે ને ધરામાં વિવિધ રુપે,
માંહ્યલો પિછાણે પી ઘાટઘાટનાં પાણી.
શુદ્ધતાનાં માપદંડે માનવ જેવી,
જીવન જિવવાં લોહીનું થાય પાણી ,
પાણીદાર પરિશ્રમથી લાગે લહાણી,
અશ્રુએ છલકે, પરસેવો યે ખારું પાણી.
જગને જિવન અર્પનારને વખાણીએ,
અમૃતનાં ઓડકાર,પ્રાણ એ જ પાણી,

અરુણાબેન ત્રિવેદી, અમદાવાદ

---

## NOG SS NO- 0088

વિષય શબ્દ- વિશ્વ જળ દિવસ નિમિત્તે
પ્રકાર- પદ્ય
શિર્ષક - પાણીની પંચાત

પાણીની પંચાત ભારે! ભાઈ, પાણીની પંચાત..
મારું પાણી, તારું પાણી,.. એમ ખેંચાતાણ!
બતાવ તારું પાણી કહી સદા લલકારાય..
જો હોય તારું ખમીર પાણી તો..,
છે, તું પાણીદાર! કહી બિરદાવાય..
પાડોશી ને દેશ દેશ, ઝઘડે માંહેમાંય..
હવે નહિ જાગીએ તો! આ પ્રશ્ન સળગશે..
નપાણીયા! થઈ સમગ્ર વિશ્વ રઝળશે..
જીવસૃષ્ટી બિનપાની ટળવળશે..
જળ એજ જીવન, જળ જ અમૃત!
જળ વિના, ભાઈ! જીવન ક્યાં ટકશે?

નામ- ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

## NOG SS No: 0075

વિષય : જળ
વિભાગ : પદ્ય
શીર્ષક : સંધિ

પૃથ્વીની પગથારે મળી પંચાયત આજ
આ માણસ જાતની શી કરવી વાત?
પોતે હોય જાણે માત્ર પ્યારું સંતાન
તેમ ખૂંદતોને રોંદતો કુદરત ગુમનામ!
જળ છે જીવન તે જાણે અને માને
પણ વિકાસના ઝાંઝવે દોડે બેફામ!
લહેરાતાં જંગલોનો વાળતો એ ઘાણ
બાકીનાં જીવોનો એ દુશ્મન તું જાણ!
બાંધ્યા બંધો ને કર્યા પર્વત બેજાન
ક્યાં સુધી વેઠશે મા ધરતી એ ભાર!
આજ કરીએ મળીને આપણે સુલેહ
ફાવવા નહીં દઈએ સ્વાર્થી છે છેક!

કૌમુદી સોની

---

## World Water Day...!

જળ એ જ જીવન વહેતું રાખશે.

## NOG SS No ;0077

વિભાગ;પદ્ય
વિષયઃજળ
શીર્ષકઃ પનિહારી :જળ અને જનની મધ્યસ્થી.

કુવે,તળાવે,નદીયે અને
સરોવરે ફરે,
જનને વરેલી પનિહારી
જળને પણ વરે..!
પનિહારીની પરિભાષા એટલે જાણે નખશિખ સૌદર્યની પર્યાય,
સૌના મનમાં એકજ છબી લગીરેય બીજી ના ગમે જરાય...!
નીર સંગ એ ય પોતાને ભૂલી વહેતી રહેતી,
પોતાના ખાલીપાને ખાળવા મટકામાં નીર એ ભરતી રહેતી..!
મટકા ને પનિહારીની
એકસરખી વેદના,
બંનેમાં ઘટ ઘટનાં પાણી અંતરમાં સમાવવાની ખેવના...!
તરસ્યાની તરસ સંતોષવામાં બેય વ્યસ્ત,
છતાંય પોતાની જવાબદારીથી ક્યારેય ન થતાં ત્રસ્ત...!
પાણીની ઊંડાઈનો એ તરત જ કાઢતી ક્યાસ,
મન તણાં પાણીની ઊંડાઈનો પણ એને તરત થઈ જતો ભાસ...!
નદી,કૂવા,સરોવર ને તળાવના જળ એણે ખાળ્યાં છે,
જીવતરની જુવાનીનાં ઢગલો વરસો એણે કાંઠાની ધારે ગાળ્યાં છે...!
ઘાટ ઘાટનાં પાણી દ્વારા સંદેશો એ આપતી રહેતી,
પાણી બધે એક જ છે ફક્ત મટકાનાં આકાર જ દુનિયા માપતી રહેતી...!
કબીર કહત....
કબીર કૂવા એક હૈ, પનિહારી અનેક,બર્તન સબ ન્યારે ભયે,પાની સબમેં એક...!ઋતંભરા

વિશ્વજીત,ઋત્વિશ્વ આણંદ.

---

## NOG number: 0051

વિષયઃ વિશ્વ જળ દિવસ
શીર્ષકઃ જળ વિના જીવન શું?

વહેતી નદીઓના, ત્રિવેણી સંગમના નીર છું
પરોઢિયે પથરાયેલ, ઝાકળની ભીની લહેર છું
તરસ છીપાવનાર, અમૃતજળ છું
કૂવા કાંઠે ભરેલી, ગાગરના નીર છું
જળની ગાથા ગાય, એવા જળની લીલ છું
ઝરણું વહેતું જયાં, એવા જળનો ધોધ છું
વાપરે વિવેકથી જળ, જળ વિના જીવન શું?
સમજે માનવી આજ,જળ એ જીવન !

ઉર્વશી મહેતા ,અમદાવાદ.

---

## NOG SS No :0079

વિષય જળ
શીર્ષક ગંગાના તટ પર

દૂર દૂર દૂર કહીં તું
મુજને બોલાવ
તારી સમીપે આવું હું
તુજને ભાળી હરખું હું
તું મુજને બોલાવ
ઓરી આવ તું આઘી જા
તારું સાંનિધ્ય માણું હું
તું મુજને બોલાવ
તારી પાવનતાની કાયલ હું
જગની વ્યાધી ભૂલું હું
તું મુંજને બોલાવ
તારામાં ડૂબકી લગાવું હું
મનડું નિર્મળ અનુભવું હું
તું મુજને બોલાવ
ગંગા તટે શાંતિ પામું હું
સોહામણી માને નિરખું હું
તું મુજને બોલાવ
તારા દર્શનની પ્યાસી હું
તું મુજને બોલાવ

પ્રવિણા કડકિયા...હ્યુસ્ટન...અમેરિકા




ગદ્ય વિભાગ

NOG સાહિત્ય સરિતા

## NOG SS NO :- 0090

પ્રકારઃ ગદ્ય
વિષયઃ જળ
શીર્ષકઃ આધુનિક કાગડાની તરસ/ દીપક જગતાપ
લઘુકથા/

કાગડાને તરસ લાગી હતી. ઊંડા કૂંજામાં થોડું પાણી હતું. પણ કાગડાની ચાંચ કુંડામાં તળિયે સુધી પહોંચતી નહોતી. તેથી તેણે પહેલાં બાજુમાં ઇટના પડેલા ટૂકડાં જોયા. પહેલાં વિચાર આવ્યો કે એક એક ટૂકડો અંદર નાંખીશ તો બધા ટૂકડાં ભીજાઈને ઉપર તો આવશે .પણ ઈંટનાં ટૂકડાએ બધું પાણી ચૂસી લીધુ હશે. અને ઉપર આવેલા પાણીથી મારી તરસ નહિ છીપાય. એટલે કાગડા એ ઈંટનાં ટૂકડાં નાંખવાનો વિચાર માંડી વાળ્યો.

પછી થોડો વિચાર કર્યો. અને પછી કાગડાએ થોડું જોર લગાવીને કુંડાને ચાંચથી ધક્કો માર્યો. કુંડું આડું પડી ગયું. અને કુંડામાં રહેલું પાણી ફર્શ પર ઢોળાઈ ગયું. કાગડો એ બધું પાણી સહેલાઈથી પી ગયો. કાગડાની તરસ બૂઝાઈ ગઈ. કાગડાએ પાણી બચાવ્યાનો સંતોષ માન્યો.અને પછી કાગડો ઊડી ગયો..

---

## NOG SS No.0081

પ્રકાર : ગદ્ય
શીર્ષકઃ કુદરતની ભેટ

કુદરતે આપેલી અનેક ભેટમાંની એક એટલે ?વારિ,જળ ,નીર,ઉદધિ, પાણી .એને સમજપૂર્વક વાપરવું એ જરૂરી છે કારણકે અવનવી શોધો કરનારાં વિજ્ઞાનના ધુરંધરો બનાવી નથી શક્યાં. કોને ખબર એ જથ્થો કોઈ કુદરતી આફતે ઘટાડી દીધો તો!

પાણી વિશે વ્યાખ્યાન કે નિબંધ લખતી વખતે એવો જ આભાસ થાય કે એનાં સિવાય બધાં જ પાણી વેડફનારાં છે."આપણે શું" વાળી વૃત્તિ છોડી , આપણાં પગ નીચે "રેલો નહીં આવે તો ?"ની કલ્પના કરી પાણીને "ઝાંઝવાના નીર"નાં બદલે તથ્ય સમજી વાપરીએ. જન્મ દે એકવાર તે તો માવડી, જન્મ દે વારંવાર એ છે વારિ!

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

## NOG SS .NO. 0095

વિષય :-- ' વિશ્વ જળ દિવસ ' જળ એજ જીવન
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- જળસંગ્રહનો સ્ત્રોત ' વાવ

આજનાં વિશ્વ જળ દિવસ નિમિત્તે સહજભાવે એક શિક્ષિકા હોવાનાં નાતે અને ઈતિહાસ મારો પ્રિય વિષય હોવાથી મને એજ જૂની સિંધુ સંસ્કૃતિ અને હડપ્પીય સંસ્કૃતિમાં જેનાં મૂળ જોવા મળે છે એવી ' વાવ ' ની સ્થાપત્યકલા યાદ આવી ગઈ. એ સમયે અને એ પછીનાં સમયમાં થયેલાં રાજા – મહારાજાઓએ જ્યારે પીવાનાં પાણી માટે વરસાદી પાણી પર જ નિર્ભર રહેવું પડતું ત્યારે જળસંગ્રહ માટે કૂવાઓ, કૃત્રિમ તળાવો, વાવ કે કુંડ જેવી સગવડો ઊભી કરીને પ્રજા તેમજ વટેમાર્ગુઓની સગવડ પુરી પાડતાં હતાં. જેમાં બારેમાસ જળનો સંગ્રહ થયેલો રહેતો હતો. આવીજ વિશ્વની સૌપ્રથમ વાવ જૂનાગઢની " અડી કડીની વાવ " આજે પણ વાવ સ્થાપત્યનાં સુવર્ણકાળની સાક્ષી પૂરે છે. માત્ર ને માત્ર પ્રજા માટેનાં હિત માટેજ બનતાં આ વાવ - કૂવા – તળાવો આજે નામશેષ થતાં જાય છે. સાચવણીનાં અભાવે એ જૂની સંસ્કૃતિ લુપ્ત થતી જાય છે. હાલનાં વર્ષોમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિનાં પગલે પંપ વડે ભૂગર્ભજળ ઉલેચવાનું બેફામ રીતે શરૂ થવાને કારણે જમીનમાં નીચેનાં તળે રહેલાં મીઠાં પાણીનાં તળ વધુ ને વધુ ઊંડે ઉતરતાં ગયાં છે. ત્યારે ફરી પાછી આ ' વાવ ' જેવી સ્થાપત્યકલાને જીવંત કરવામાં આવે તો સજીવસૃષ્ટિ માટે આશીર્વાદ સમાન બની રહેશે.

દીપિકા. ચાવડા. ' તાપસી '.

---

## NOG SS No : 0001

પ્રકાર : ગદ્ય .ટૂંકો લેખ
શીર્ષક : પાણી

જીવ સૃષ્ટિ જળ પર આધારિત છે. સૃષ્ટિ ઉપર જીવ ઉત્પત્તિ જળ સ્ત્રોત પાસે થયાના પુરાવા છે.સિંધ નદી,હડપ્પા સંસ્કૃતિ જેવા અનેક ભૌગોલિક પુરાવા છે.મનુષ્ય જીવ ઉત્પત્તિથી લઈ કોઈપણ એવું ઉત્પાદકીય ક્ષેત્ર નથી કે જેમાં પાણીની જરૂર ના પડે.પૃથ્વી ઉપર ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન તેવું નકશો બતાવે છે.તેમાં પણ પાણીનાં તમામ પ્રકાર આ ત્રણ ભાગ પાણીમાંથી જ ઘટકો જુદા પાડી ઉપયોગમાં લેવાય છે.જેમ જેમ જુદા જુદા પ્રકારના ઘટકોના પાણીની જરૂરિયાત માનવ જીવનમાં વધઘટ થાય અન ત્યાં પાણીનાં જથ્થાની માંગ,પુરવઠા આધારિત અસરો દેખાય ત્યાં ખબર પડે કે જળ બચાવો,ખોટો ઉપયોગ ટાળો...અતિ નો અંત નિશ્ચિત હોય...
વિશ્વમાં સમયાંતરે જેમ ભૂકંપના આંચકા અનુભવાય,કુદરતી પાણીનાં પુર આવે ને અનેક લોકો અસરગ્રસ્ત થાય. આ બધું માનવ સૃષ્ટિ ને કંટ્રોલ કરવા માટે કુદરત અનેક પ્રકોપ થકી કંટ્રોલ કરતી હોય છે.વિજ્ઞાનની દોડ હંમેશાં કુદરત ની સામે સતત હરીફાઈ કરતી નજર આવે..ટૂંકમાં જળ વિના જ્યા જીવન જ શક્ય નથી તો બીજું શું વિચારવાનું? શરીર ના અવયવો જ્યારે કામ કરતા બંધ થાય ત્યારે કહેવાય ક હવે ખાલી છેલ્લે પાણી ઉપર છે....બસ.સમજી શકાય છે પાણીનું મૂલ્ય અને તેની મહત્વતા....જરૂરિયાત જેટલો જળનો ઉપયોગ કરો.. જળ બચાવો.જીવન બચાવો..

પ્રદીપ રાવલ.સંચાલક

વધુ અનુસંધાન બીજા પાને

# અરવલ્લીના મોડાસા વૃંદાવન સોસાયટી તથા માલપુર અંધારી વાડીનો વિસ્તારને બે ગામના કન્ટેઇનમેન્ટ ઝોનમાં સમાવિશષ્ટ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧,૦૦,૦૦,૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા નગરપાલિકાની વૃંદાવન સોસાયટી અને મોડાસા તાલુકાની ખલીકપુર ગામની ખાંટ ફળી તથા માલપુર તાલુકાની અંધારી વાડી પાસેના વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં ર્ઝ્રફૈંઙ-૧૯ નો કેસ મળી આવેલ મોડાસા નગરપાલિકાની વૃંદાવન સોસાયટી અને મોડાસા તાલુકાની ખલીકપુર ગામની ખાંટ ફળી તથા માલપુર તાલુકાની અંધારી વાડી પાસેના વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૨૨ માર્ચ ૨૦૨૧ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## MLA જશુભાઈ પટેલે બદનામ કરવાનું ષડયંત્ર કહ્યું

# માલપુર ભાજપ યુવા મોરચાના મહામંત્રી પર જીવલેણ હુમલો કરનાર MLA જશુભાઈ પટેલ સહીત ૪ સામે ફરિયાદ નોંધાઈ



અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુર માર્કેટયાર્ડના સભાખંડમાં શનિવારે માલપુર નાગરિક સહકારી બેંકની યોજાયેલ જનરલ સભામાં ભાજપા યુવા મોરચાના મહામંત્રી કશ્યપ પટેલ પર કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલ,પુત્ર નિશ્ચલ પટેલ,અરવિંદ શીવાભાઈ પટેલ અને નિશ્ચલના મિત્ર રશ્મીકાન્ત ઉર્ફે પ્યારે અમૃતભાઈ પટેલ હુમલો કરી ભાજપા યુવા મોરચાના મહામંત્રીને તુ ભાજપનો દલાલ છે, અમારા વિરૂદ્ધ કેમ પડે છે એમ કહી માર મરાતાં ઘવાયેલ કાર્યકરને મોડાસા ખાતેની હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો સમગ્ર ઘટનાના પગલે ભારે ચકચાર મચી હતી યુવા મોરચાના મહામંત્રીએ માલપુર પોલીસ ફરિયાદ ન નોંધતી હોવાનો આક્ષેપ સાથેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો મારામારીનો ભોગ બનેલ યુવકના સમર્થનમાં બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તેમજ માલપુર તાલુકાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો હોસ્પીટલ ખાતે દોડી આવ્યા હતા અને પોલીસનો હુરિયો બોલાવ્યો હતો ટોળાનો આક્રોશ જોઈ પોલીસે ધારાસભ્ય જશુભાઈ પટેલના ઘરે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતું આખરે માલપુર પોલીસ કશ્યપ પટેલની ફરિયાદના આધારે બાયડ ધારાસભ્ય અને તેમના પુત્ર,ભાઈ અને સબંધી યુવક સામે ફરિયાદ નોંધતા મામલો થાળે પડ્યો હતો બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે તેમને બદનામ કરવા સમગ્ર કાવતરું રચવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું

માલપુર નાગરિક બેંકની સામાન્ય સભામાં માલપુર નાગરીક સહકારી બેંકની સામાન્ય સભા માલપુર સભાખંડમાં મળી હતી જેમાં કશ્યપ પટેલે તેમનું અને પિનાકિન ગોરનું સભાપદ કયા કારણોસર રદ થયું અંગે બેંક મેનેજરને સવાલ પુછાતાની સાથે સામાન્ય સભામાં હાજર બાયડ-માલપુરના ધારાસભ્ય જશું પટેલ તેમના પુત્ર નિશ્ચલ પટેલ ભાઈ અરવિંદ શીવાભાઈ પટેલ અને તેમના પુત્રના મિત્ર જેશીંગપુરના રશ્મીકાન્ત ઉર્ફે પ્યારે અમૃતભાઈ પટેલ ગડદાપાટું નો મારમારી અરવિંદ પટેલે કશ્યપ પટેલનું ગળું દબાવી સોનાની ચેન રૂ.૮૦ હજારની ખિસ્સામાં રહેલા રૂ.૧૨૭૦૦/- કાઢી લઈ ઢોર મારમાવામાં આવતા અને બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે કશ્યપ પટેલને તારા જેવા કેટલાયને અગાઉ માર્યા છે મને કશું થવાનું નથી

માલપુરમાં હું ધારું તેમ થશે અને તારા જેવા કેટલાય ખોવાઈ ગયાની ધમકી આપતા ઈજાગ્રસ્ત કશ્યપ પટેલ ફફડી ઉઠ્યો હતો શરીરે ઈજાઓ પહોંચતા મોડાસા સાર્વજનિક હોસ્પીટલ સારવાર અર્થે ખસેડાયો હતો અને કશ્યપ પટેલ સહીત ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ પોલીસ ફરિયાદ ન નોંધતી હોવાનું જણાવી હોબાળો મચાવ્યો હતો માલપુર પોલીસે આખરે ફરિયાદ નોંધી હતી



**તારીખ ૨૦-૩-૨૦૨૧ ના રોજ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ના સહયોગ થી સમસ્ત બ્રહ્મ સમાજ ની સંસ્થાઓ -સુરેન્દ્રનગર દ્વારા ૪૫ વર્ષ થી ઉપર ના નાગરિકો માટે વેક્સિન કેમ્પ નું આયોજન શ્રી ઔદીચ્ય બ્રહ્મ સમાજ ની વાડી,અપના બજાર,સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવ્યું જેમાં કુલ ૬૪૮ નાગરિકો ને કોઈપણ જાત ની તકલીફ વગર વેક્સિન આપવામાં આવી.વિષેશ માં શહેર ના પ્રથમ નાગરીક શ્રી વિરેન્દ્રભાઈ આચાર્ય,હેલ્થ અને માહિતી ખાતા નાં કર્મચારીઓ અને ૯૧ વર્ષ થી ઉપર ના લોકોએ પણ આ કેમ્પ માં વેક્સિન લીધી હતી.કેમ્પ ની વ્યવસ્થા અને સગવડતા થી લોકો પ્રભાવિત થઈ ને આયોજકો ને અભિનંદન આપતા હતા. આવતા મહિને તારીખ :-૧૭/૦૪/૨૧ ના રોજ વેક્સિન ના બીજા ડોઝ માટે ના કેમ્પ નું આયોજન કરવામાં આવશે તેની જાણકારી આપી હતી.**

**પ્રતિક વ્યાસ**

## સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડીયા ખાતે આંતર રાષ્ટ્રીયકક્ષાનું સ્ટેડિમ આકાર પામે તેવી લાગણી વ્યક્ત કરતાં સોલંકી

# સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડીયાના આંગણે આયોજીત ૪૨ મી સિનીયર નેશનલ મહિલા ફૂટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૦-૨૧ ટૂનામેન્ટનો પ્રારંભ



રાજપીપલા,તા ૨૨

સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડીયાના આંગણે ગુજરાત મહિલા ફૂટબોલ એસોશિએશન દ્વારા આયોજીત ૪૨ મી સિનીયર નેશનલ મહિલા ફૂટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૦-૨૧ ટૂનામેન્ટને લોકસભાના પેનલ સ્પીકર અને SC/ST સંસદીય કલ્યાણ સમિતિના ચેરમેન ડૉ. કિરીટભાઈ સોલંકીના હસ્તે આજે કેવડીયામાં એસઆરપી પરેડ ગ્રાઉન્ડ ખાતે ખૂલ્લી મૂકાઈ હતી.

આજે દિવસે પંજાબ અને આસામની ટીમ વચ્ચેની સ્પર્ધા સાથે આ ટૂનામેન્ટનો પ્રારંભ થયો હતો.આ ટૂનામેન્ટ તા.૨૬ મી માર્ચ, ૨૦૨૧ સુધી ચાલશે.

આ સમારોહમાં ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન મેજર અશોક ધ્યાનચંદજની ઉપસ્થિતિ માં સમગ્ર દેશના જુદાજુદા રાજયોમાંથી મહિલા ફૂટબોલ ખેલાડીઓની ૨૦ જેટલી ટીમોની ઉપસ્થિતિમાં ખૂલ્લી મુકાયેલી આ ટૂનામેન્ટને સંબોધતા લોકસભાના પેનલ સ્પીકરશ ડૉ. કિરીટભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વિશ્વની મહાન પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ધરતીના આંગણે આજની આ ટૂનામેન્ટ એક ઐતિહાસિક ઘટના બની રહેશે. ભારતીય ફૂટબોલમાં ભારતીય મહિલાઓએ અનેક મેડલ પ્રાપ્ત કર્યા છે,આગામી સમયમાં આજ બહેનોમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયકક્ષાએ મહિલા ફૂટબોલમાં દેશનું પ્રતિનિધિત્વ કરી નામના મેળવશે તેઓ દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

. સોલંકીએ વધુમાં ઉમેર્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અનેક પ્રોજેક્ટો આકાર પામ્યાં છે ત્યારે અહીં આંતરરાષ્ટ્રીયકક્ષાનું સ્ટેડીયમ ઉભું થાય તેવી પ્રબળ લાગણીશ્રી સોલંકીએ વ્યક્ત કરી જણાવ્યું હતું કે, આ દિશામાં પ્રધાનમંત્રીનો સાનુકૂળ પ્રતિસાદ સાંપડશે તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાનપદેથી ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન મેજરશ્રી અશોક ધ્યાનચંદજીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં કેવડીયા ખાતે વિશ્વની સૌથી મોટી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ જ એક મોટી મિશાલ છે. આપણી દરેક રમતો મિત્રાતા, સૌહાર્દ અને ભાઈચારાનો સંદેશો આપે છે,

આ પ્રસંગે લોકસભાના પેનલ સ્પીકર ડૉ. કિરીટભાઈ સોલંકી અને અન્ય મહાનુભાવોના હસ્તે આ મહિલા ફૂટબોલ ચેમ્પિયનશીપ ટૂનામેન્ટની ટ્રોફીનું અનાવરણ કરાયું હતુ

રિપોર્ટ: જયોતિ જગતાપ,રાજપીપળા

# નર્મદા જિલ્લાના ૩૯ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓના ૭૬૯૦ વિદ્યાર્થીઓને ૩૭૯૩૪ ફુલસ્કેપ નોટબુકોનું વિનામૂલ્યે વિતરણ કરાયું.

રાજપીપળા,તા. ૨૨

ગાંધી મહેન્દ્ર ચત્રાભુજ એજ્યુકેશન ટ્રસ્ટ મુંબઈ અને ચંદ્ર કનિકા શિક્ષણ કેન્દ્ર સુરત સયુક્ત ઉપક્રમે સને ૨૦૨૦-૨૧ ની સાલ માટે નર્મદા જિલ્લાના ધોરણ ૯, ૧૦,૧૧ અને ૧૨ના ૭૬૯૦ વિદ્યાર્થીઓને ફુલસ્કેપ નોટબુકનું વિતરણ કરાયું છે.જોકે કોવીડ ૧૯ ની મહામારીને લીધે આ વહેંચણી મોડી શરૂ કરાતા હજુ હમણાં થઈ શકી હતી. જેમાં તા.૯ અને ૧૦ માર્ચ ૨૦૨૧ દરમિયાન ૩૭૯૩૪ ફુલસ્કેપ નોટબુકઓ નર્મદા જિલ્લાની ૩૯ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓના ૭૬૯૦ વિદ્યાર્થીઓને નોટબુક કોનું વિના મૂલ્ય વિતરણ કરાયું હતું.આ પસંદ કરેલી સ્કૂલો નર્મદા જિલ્લાની જંગલ વિસ્તારની સરકારી અને ગ્રાન્ટેડ હતી. સ્વ. ચંપકલાલ સુખડિયા સ્મૃતિ ટ્રસ્ટ રાજપીપળા એ આ નોટબુકોની વહેચણી માં મદદ કરી હતી. ભાલચંદ્ર કર્ણીક શિક્ષણ કેન્દ્ર,સુરયના રાજેન્દ્ર કર્ણિક, મનહરભાઈ મોદી,હિરેનભાઈ તમાકુવાલા, દીપકભાઈ વશી અને ગૌરાંગભાઈ શાહ તથા સ્વ ચંપકલાલ સુખડિયા ટ્રસ્ટ રાજપીપળાના ડો. યોગેશભાઈ





સુખડિયા,બળવંતસિંહ રાઠોડ, નીતાઈભાઈ પરીખ અને જયંતીભાઈ કાછીયાએ આ નોટબુકોની વહેચણીની વ્યવસ્થા અને કામગીરી કરી હતી.

સ્વ.ચંપકલાલ સુખડિયા સ્મૃતિ ટ્રસ્ટ, રાજપીપળા દ્વારા આ ઉમદા કેળવણી વિષયક સખાવતી પ્રોજેક્ટ માટે નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તાર ને પસંદ કરવામાં આવ્યો હતો.

જેમાં નર્મદા જિલ્લામાં તાલુકા વહેચણી કરતાં દેડીયાપાડા તાલુકા મા ૫ સ્કૂલોમાં ૧૭૬૪ વિદ્યાર્થીઓને ૮૮૨૦ નોટોનો વિતરણ કરાયું હતું. જયારે સાગબારા તાલુકામાં ૧૨ સ્કૂલોમાં ૨૦૭૭ વિદ્યાર્થીઓને ૯૮૬૯ નોટોનું વિતરણ કરાયું હતું. જયારે ગરુડેશ્વર તાલુકા માટે ૮ સ્કૂલોમાં ૧૬૦૦ વિદ્યાર્થીઓને ૮૦૦૦ નોટો વિતરણ કરાયું હતું. જયારે તિલકવાડા તાલુકામાં ૬ સ્કૂલોમાં ૧૩૪૨ વિદ્યાર્થીઓને ૬૭૧૦ નોટોનું વિતરણ કરાયું હતું. જયારે નાંદોદ તાલુકામાં૮ સ્કૂલોમાં ૯૦૭ વિદ્યાર્થીઓને ૪૫૩૫ નોટોનું વિતરણ કરાયું હતું. આમ કુલ ૩૯ સ્કૂલોમાં ૭૬૯૦ વિદ્યાર્થીઓને કુલ ૩૭૯૩૪ નોટો વિતરણ કરાયું હતું.

રિપોર્ટ :જયોતિ જગતાપ, રાજપીપળા

# ગુજરાત પોલીસ વિભાગ પીએસઆઈની નોકરી જાહેરાતમાં અનામતની યોગ્ય અમલવારી કરવા : અરવલ્લી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાત સરકારે પોલીસતંત્રમાં અલગ અલગ જગ્યા પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે.૧૩૮૨ જગ્યાઓમાં બિન હથિયારધારી પીએસઆઈની ૨૦૨ જગ્યા, બિન હથિયારધારી મહિલા પીએસઆઈની ૯૮ જગ્યાઓ અને હથિયારધારી પીએસઆઈની ૭૨,પુરૂષ ઈન્ટેલિજન્ટ ઓફિસરની ૧૮ જગ્યા માટે ભરતી કરાશે. બિન હથિયારધારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટરની ૬૫૯ જગ્યાઓ અને બીન હથિયારધારી મહિલા મદદનીશ સબ ઈન્સ્પેક્ટરની ૩૨૪ જગ્યા પર ભરતી કરવામાં આવશે ભરતી જાહેરાત પ્રક્રિયામાં અનામતની બેઠકો માટે યોગ્ય અમલવારી થઈ ન હોવાના આક્ષેપ ભરતી બહાર પડી ત્યારથી સોશ્યલ મીડિયામાં ચર્ચા જામી છે ત્યારે અરવલ્લી જીલ્લામાં અનામત સંગઠનો વતી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી અનામત બેઠકો પર અન્યાય થયો હોવાની રજુઆત કરી ન્યાયની માંગ કરી હતી. સોમવારે અનામત વર્ગના તમામ સંગઠનો વતી આનંદ પરમાર, સુરેશ પાટીલ સહીત યુવાનોએ જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર ને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે તાજેતરમાં ગુજરાત પોલીસ ભરતી બોર્ડ વર્ગ-૩ પોસઈ સવર્ગની ભરતી નોટિફિકેશનમાં અનામત બેઠકો અંગે થયેલ અન્યાય સામે સંવિધાનિક અનામતની જગ્યા પરિપૂર્ણ કરવા રજુઆત કરી હતી અને ગુજરાતમાં અનામતની અમલવારી યોગ્ય રીતે સરકાર કરતી ન હોવાનું જણાવ્યું હતું અને પોલીસવિભાગની જાહેરાતમાં અનામત બેઠકની યોગ્ય અમલવારી નહીં થાય તો સમગ્ર રાજયના અનામત વર્ગ દ્વારા વિશાળ સંખ્યામાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી

# દેડીયાપાડાના કોકમ ગામેથી બોલેરો પીકઅપ ગાડીમાં છુપાવેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રાજપીપળા,તા.૨૨

દેડીયાપાડાના કોકમ ગામેથી બોલેરો પીકઅપ ગાડીમાં છુપાવેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે .જેમા વિદેશી દારૂની બોટલ નંગ-૬૨૪ કિ.રૂ. ૬૨,૪૦૦/- ના પ્રોહીબીશનના મુદ્દામાલતથા બોલેરો પીકઅપ ગાડી કિ.રૂ. ૩,૦૦,૦૦૦/- મોબાઈલ ફોન તથા રોકડ રકમ રૂ. ૩૦,૮૧૦/-ના મુદ્દામાલ સાથે બેઆરોપીઓને ઝડપી એલસીબી પોલીસે ઝડપી પાડેલ છે તથા આ ગુનામાં સંડોવાયેલ એકને વોન્ટેડ જાહેર કરાયોછે.

પ્રાપ્ત માહિતી અનુસાર એલ.સી.બી પીઆઈ એ.એમ.પટેલ ના સુપરવિઝન હેઠળ અ.હે.કો. પ્રકાશભાઈ રતિલાલને બાતમી મળેલ કે, એક બોલેરો પીકઅપ નંબર વગરની ગાડીમાં વિદેશી દારૂ ભરીને દેડીયાપાડા તરફ પસાર થવાની છે. જે બાતમીને આધારે એલ.સી.બી. ટીમના પોલીસ માણસો દેડીયાપાડાના કોકમ ગામ પાસે નાકાબંધી કરી વોચમાં હતા દરમ્યાન બોલેરો પીકઅપ નંબર વગરની ગાડી આવતા તેને રોકી ગાડીમાં બેસેલ (૧) આત્મારામ રંગલીયા પાડવી (રહે. ગોરાડી સરવાણી તા.ધડગાંવ જી.નંદુરબાર) તથા (૨) દિનેશભાઇ.કુંવરજીભાઇ.(રહે. સાંકળી નિશાળ ફળીયુ તા.દેડીયાપાડા જી.નર્મદા)ની પુછપરછ કરતા સંતોષકારક જવાબ નહી મળતા બોલેરો પીકઅપ ગાડીની ઝડતી તપાસ કરતા ગાડીમાંથી બીયર ટીન નંગ-૨૮૮ તથા કવાટરીયા નંગ-૩૩૬ મળી કુલ બોટલ નંગ-૬૨૪ કુલ્લે કિ.રૂ. ૬૨,૪૦૦/-નો મુદ્દામાલ મળી બોલેરો પીકઅપ ગાડી કિ.રૂ. ૩,૦૦,૦૦૦/- મોબાઈલ-૧ કિ.રૂ. ૫૦૦/-.તથા રોકડ રકમ રૂ. ૩૦,૮૧૦/-ના મુદ્દામાલ મળી આવેલ. સાથે બંન્ને આરોપીઓનીઅટક કરી મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા સહ આરોપી સુમનભાઇ જગાભાઇ વસાવા (રહે. અરેઠી તા.ધડગાંવ જી.નંદુરબારના)ને વોન્ટેડ જાહેર કરી દેડીયાપાડા પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે

રિપોર્ટ: જયોતિ જગતાપ,રાજપીપળા

## હવે એક વર્ષ બાદ કોરોના ફેલાવનારાઓની મીટીગ

# સી.આર.પાટીલની રેલીએ જ રાજકોટમાં કોરોના સંક્રમણ ફેલાવ્યું હતું:વશરામભાઈ સાગઠીયા

રાજકોટ

મહાનગરપાલિકાના પૂર્વ વિરોધપક્ષના નેતા અને વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા અને મકબુલભાઈ દાઉદાણીએ યાદીમાં જણાવ્યું છે કે કોરોના મહામારી (ર્ઝ્રફૈંઙ-૧૯) એ વૈશ્વિક મહામારી વલ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા જાહેર કરવામાં આવેલી છે તેમજ ગત. તા.૧૮/૦૩/૨૦૨૦ના રોજ રાજકોટમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો અને કોરોના મહામારી અંતર્ગત ભાજપની કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે સમયાંતરે લોકડાઉન આપ્યું હતું તેમજ લોકોને આ લોકડાઉનમાં હેરાન-પરેશાન થવું પડ્યું હતું તેમજ રાજકોટ કલેકટર તંત્ર અને મ્યુનીસીપલ કોર્પોરેશનનું ઢંગધડા વગરનું આયોજનથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા તેમજ લોકોને બેરોજગારી, મોંઘવારી, બેંકલોન હપ્તા, કથળેલ રાશન વિતરણ વ્યવસ્થા, સહિતના પ્રશ્ને લોકોએ હાડમારીનો સામનો કરવો



પડ્યો હતો.

શ્રી સાગઠીયા અને શ્રી દાઉદાણીએ જણાવ્યું છે કે અમોએ તા.૧૮/૦૩/૨૦૨૧ના રોજ જણાવ્યું હતું કે કોરોના ને કાબુમાં લેવા માટે સૌ પ્રથમ ભાજપ કાર્યાલયમાં કર્ફ્યુ લગાવો અને પ્રજાને કોરોના ના સંક્રમણથી બચાવો.

અમારા દ્વારા જણાવાયા બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો આદેશ છૂટ્યો અને તમામ સરકારી કાર્યક્રમો, મીટીંગો, બંધ કરાવવા આદેશ આપ્યો અને ભાજપના મહામંત્રી એવા રાજકોટ કલેકટરને આદેશ આપ્યો કે જે લોકોએ કોરોના ફેલાવવા વાળા તમામને ભેગા કરી કોવીડ-૧૯ની ગાઈડલાઈન્સ સમજાવો અને તેનું પાલન કરાવો ત્યારબાદ રાજકોટ કલેકટરે આ પ્રકારની બેઠક બોલાવી હતી અને કોરોના મહામારી નું સંક્રમણ ન ફેલાવવા માટેની સુચના આપી હતી ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને વશરામભાઈ સાગઠીયા અને મકબુલભાઈ દાઉદાણીની વાત સાચી લાગી ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એમની પાર્ટીના મહામંત્રી એવા રાજકોટ કલેકટરને આદેશ આપ્યો છે કે આ લોકોની મીટીંગ કરો. અને આ મીટીગમાં એવા લોકોને બોલાવજો કે જે કોરોના ફેલાવતા હોય ત્યારે ભાજપ મહામંત્રી એવા રાજકોટ કલેકટરે આ બેઠકમાં ફક્ત કોરોના ફેલાવનારને જ આ બેઠકમાં બોલાવી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સુચનાનું પાલન કર્યું છે. તેવું યાદીના અંતમાં જણાવ્યું છે.

(વશરામભાઈ સાગઠીયા)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.